અરવલ્લી જિલ્લામાં વિશ્વ યોગ દિવસની ઉજવણી...

આરડેક્તા ઈન્સ્ટીટ્યુટ-ખેડબ્રહ્મામાં વિશ્વ યોગ દિવસની ઉજવણી

બાયડ : ખેડબ્રહ્માની આરડેક્તા ઈન્સ્ટીટ્યુટની હોમિયાપેથી મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ સ્ટાફ તથા એક્તા નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ અને રાજ્ય સભાના સાંસદ રમીલાબેન બારા, સ્થાનિક ભાજપના આગેવાનોની ઉપસ્થિતિમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આરડેક્તા કોલેજના સંચાલક રમેશભાઈ ડી. પટેલે વિદ્યાર્થીઓને સંદેશાં આપતાં જણાવ્યું કે યોગના માધ્યમથી શારીરીક સ્વાસ્થ્ય, માનસિક શાંતિ, ભૌતિક સફળતા અને આધ્યાત્મિક ઉન્નતિ આપણા જીવનમાં આવે છે તેમજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે જિલ્લાની પ્રજાને શુભેચ્છા પાઠવી હતી.

તક્ષશિલા વિદ્યાલય-બાયડમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી

બાયડ : તક્ષશિલા વિદ્યાલય-બાયડમાં તા.૨૧ જૂન, સોમવારે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં બાયડ શહેર પ્રભારી વનિતાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના સંચાલક અતુલભાઈ બી. પટેલે વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં સામેલ થયેલા સૌને આવકારવાની સાથે વિશ્વ યોગ દિવસની ઉજવણી અને યોગ કરવાથી શું ફાયદા થાય તે અંગે જાણકારી આપી હતી.

ગ્રોમોર-હિંમતનગરમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી

બાયડ : હિંમતનગર સ્થિત ગ્રોમોર શૈક્ષણિક સંકુલમાં ૭મા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. ખાસ યોગ ટ્રેનર દ્વારા સંલગ્ન શૈક્ષણિક સંસ્થાઓના સ્ટાફને યોગ દિવસની ઉજવણીમાં સામેલ કરી ૬૦ મીનીટ સુધી યોગ કરાવ્યા હતા. જેમાં સંસ્થાના ડાયરેક્ટર ડૉ.બી.એલ.પટેલ, એમ.એલ.પટેલ, જે.ડી.પટેલ, કેયૂર પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

વડાગામ હાઈસ્કુલમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી

વડાગામ : ધનસુરા તાલુકાના વડાગામ હાઈસ્કુલમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ૭મા વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં ભાજપના કાર્યકરો સહિત સેવાભાવિ સંસ્થાના પ્રતિનિધિઓ અને શાળા સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતો.

આકરૂન્દ હાઈસ્કુલમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી

બાયડ : ધનસુરા તાલુકાની આકરૂન્દ હાઈસ્કુલમાં સોમવારે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શાળા સ્ટાફે ૧ કલાકની ઉજવણીમાં ભાગ લઈ યોગાસન કર્યા હતા. યોગ શિક્ષક એમ.એ.દેસાઈએ સ્ટાફને યોગ કરાવ્યા હતા. શાળાના આચાર્ય જે.ડી.ભાટી, શિક્ષણ કો.ઓર્ડીનેટર પંકજભાઈ કટારા, પ્રા. વિભાગના આચાર્ય ગીતાબેન પટેલ, શિક્ષણ કો.ઓર્ડીનેટર તુષારભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વિશ્વ યોગ દિવસની ઉજવણી થઈ હતી.

ઘરમાં રહો, સુરક્ષિત રહો

અરવલ્લીના નિવૃત્ત શિક્ષકની વાર્તાઓથી સાહિત્ય રસિકો રસતરબોળ થયા

કાવ્ય, ગઝલમાં પણ કાબિલેદાદ ચાલતી કલમ, પ્રતિલિપિ ઉપર વાર્તાના વાચકોની લાખોની સંખ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

મારો મિજાજ હું ખુલ્લો મૂકું છું ગઝલે..ગઝલે ફૂલો મુકું છું, અહીં તમે આવીને નિરાંતે બેસો એવા ઈરાદે ઝૂલો મૂકું છું..આ શેર છે ચંદ્રકાન્ત જે. સોની ના-આજકાલ સાહિત્ય જગત તેમની કલમથી રસતરબોળ થઈ રહ્યું છે. મોડાસાના નિવૃત્ત શિક્ષક દ્વારા સ્વરચિત કાવ્ય, ગઝલો અને વાર્તાઓએ ભાવકોને ઘેલું લગાડ્યું છે તેમાંય વાર્તાલેખનમાં તેમની કલમ સડસડાટ ચાલતી હોવાથી સોશ્યલ મીડીયામાં પ્રતિલિપિ ઉપર તેમની વાર્તાઓ લાખો વાંચકોને ગમવા લાગી છે. જેમાં ડુસકું અને ડુમો, દર્દ ભરી દિવાળી, વમળના ઉંડાણ અને બા નું ઘર વગેરે વાર્તાઓએ સાહિત્ય જગતમાં આગવું નામ બનાવ્યું છે.

અરવલ્લી જિલ્લાની સાક્ષર ભૂમિનું સાહિત્ય ક્ષેત્રે આગવું નામ છે. જિલ્લામાં બાળ સાહિત્ય ક્ષેત્રે મોડાસાના મૂર્ધન્ય બાળ સાહિત્યકાર રમણલાલ સોનીથી સાહિત્ય જગત સારી રીતે પરિચિત છે ત્યારે હવે તેમના ભત્રીજા અને નિવૃત્ત શિક્ષક ચંદ્રકાન્ત જે. સોની મોટાગજાના વાર્તાકાર તરીકે ઉભરી આવ્યા છે. ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં સરડોઈ હાઈસ્કુલ ત્યારબાદ મોડાસા હાઈસ્કુલમાં વર્ષ-૨૦૧૧માં નિવૃત્ત થયેલ સાહિત્ય પ્રેમી શિક્ષકે લેખન ક્ષેત્રે મન પરોવ્યા પછી તેમનો બહોળો ચાહક વર્ગ ઉભો થયો છે. કવિતાઓ અને ગઝલો સાથે સંવેદનસભર વાર્તાઓ વિદેશમાં પણ વખણાવવા લાગી છે. આજકાલ સાહિત્ય જગતમાં ગુજરાતી મેળો અને પારિજાત સાહિત્ય ગૃપ ઉપરાંત પ્રતિલિપિ ઉપર તેમનું સાહિત્ય લખાણ ધુમ મચાવી રહ્યું છે. વર્તમાન કોરોના કાળમાં સંવેદનશીલ લેખકે કાબિલેદાદ રચનાઓથી સાહિત્ય જગતના માંધાતાઓનું ધ્યાન ખેંચવામાં સફળતા મેળવી છે. જિલ્લાના ગૌરવરૂપ વાર્તાકારનું જમાપાસું એ છે કે કોઈપણ વિષયમાં પોતાની કલમ દ્વારા વાચકોને ભાવ વિભોર કરતા હોય છે. તેમનું એક કાવ્ય હોઠના આ મૌનને કદાચ સહી શકું, આંખના એ મૌનને બોલો સહી શકું..?? શબ્દનો તો ધર્મ છે, હોઠ સુધી આવશે શબ્દ આંસુ થાય એ બોલો સહી શકું..?? ગુજરાતી ભાષાની ગરીમા જળવાય અને માતૃભાષાને વધુ ગૌરવશાળી બનાવવા માટે અસંખ્ય કલમકારો કોઈપણ પ્રકારની પ્રસિદ્ધિ વિના શબ્દની સાધના કરી રહ્યા છે ત્યારે તેમાં એક વધુ નામ અરવલ્લીના વાર્તાકારનું ઉમેરાયું છે.

કોરોના સંક્રમણ અંકુશમાં : ઉત્તર ગુજરાતમાં ૧ જુલાઈથી શાળા-કોલેજો ખૂલે તેવી ચર્ચા શરૂ

બાળકો સતત ઘરે રહેવાથી જીદ્દી બન્યા, વાલીઓ પણ શૈક્ષણિક સંકુલો ખોલવાની તરફેણમાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

ગુજરાત તેમજ દેશના અનેક વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ અંકુશમાં આવતું હોય તેવા આંકડા બહાર આવ્યા છે. આ સંજોગોમાં રાજ્ય તેમજ ઉત્તર ગુજરાતમાં ૧ જુલાઈથી શાળા-કોલેજો ખૂલે તેવી ચર્ચા શરૂ થઈ છે. સતત ૧૫ મહિનાથી બાળકો ઘરે રહ્યા. ઓનલાઈન શિક્ષણ મેળવ્યું તેના કારણે જીદ્દી સ્વભાવ સહિત અનેક બાળકો ડિપ્રેશનમાં આવી ગયા છે. શૈક્ષણિક સંકુલોમાં મિત્રો સાથે ઘનિષ્ઠતા કેળવે તો આવા બાળકો ડિપ્રેશનમાંથી જલ્દી બહાર આવે. આ સંજોગોમાં મોટાભાગના વાલીઓ પણ શૈક્ષણિક સંકુલો ખોલવાની તરફેણમાં હોવાનું જાણવા મળ્યું છે.

અગાઉના વર્ષોમાં કોઈપણ કારણોસર ખાનગી શાળા સંચાલકો દ્વારા ૨-૩ દિવસ માટે બંધ રાખવામાં આવે તો વાલીઓ ઉશ્કેરાઈ જતા. કેમ શાળા બંધ રાખી છે, અમારા સંતાનોનો અભ્યાસ બગડી રહ્યો છે, તેમના ભવિષ્યનું શું..?? આવી ટકટક સંચાલક, આચાર્ય, શિક્ષક અને વાલીઓ વચ્ચે સાંભળવા મળતી. પરંતુ ગત માર્ચ-૨૦૨૦ થી કોરોના આવ્યો અને શૈક્ષણિક સંકુલોમાં વિદ્યાર્થીઓની હાજરી ઉપર પાબંધી લાગતાં લાંબા સમયથી વિદ્યાર્થીઓ ઘેર ઓનલાઈન શિક્ષણ મેળવવાની સાથે રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગે ધો.૧ થી ૧૨ માં માસ પ્રમોશન આપી દેતાં તેની દુરોગામી અસરો શું આવશે..?? તે વિવાદમાં ઉતરવું નથી પરંતુ હવે કોરોનાની ત્રીજી લહેર આવે કે પછી કોરોનાના સંક્રમણમાં વધારો થાય તો પણ મોટાભાગના વાલીઓ શૈક્ષણિક સંકુલો વિદ્યાર્થીઓની હાજરીથી ધમધમે તેની તરફેણ કરી રહ્યા છે. ધો.૧ માં અનેક શાળાઓમાં બાળકો આવી રહ્યા છે. શિક્ષકો અને સ્ટાફ તેમને ઘરે પરત મૂકી આવે તો પણ નિર્દોષ બાળકો અમારે શાળામાં જ ભણવું છે, અમે ઘરે નહીં ભણીયે તેવું કાલીઘેલી ભાષામાં બોલી શિક્ષકોને પણ ભાવુક બનાવી રહ્યા છે. ત્યારે ઉત્તર ગુજરાત સહિત રાજ્યમાં કોરોનાનું સંક્રમણ અંકુશમાં આવ્યું છે આ સંજોગોમાં ઉત્તર ગુજરાતના શૈક્ષણિક સંકુલોમાં ૧ જુલાઈથી શાળા અને કોલેજો ખૂલે તેવી સંભાવના વ્યક્ત થઈ રહી છે. જો કે આ માટે શિક્ષણ વિભાગ વાલીઓના મંતવ્ય જાણવાનો ફરીથી પ્રયાસ કર્યો નથી તે જોતાં ૧ જુલાઈથી વિદ્યાર્થીઓની હાજરી સાથે શૈક્ષણિક સંકુલો ધમધમશે કે કેમ..?? તે કહેવું ઉતાવળીયું છે.

શ્રી હિંમત હાઈસ્કુલ, હિંમતનગર માં આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણી કરવામાં આવી. સમગ્ર વિશ્વ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવી રહ્યું છે. શ્રી હિંમત હાઈસ્કુલ, હિંમતનગર માં આચાર્યશ્રી સુરેશભાઈ પટેલ, સુપરવાઈઝર શ્રી એન. બી. પટેલ, શ્રી એસ.કે મનાત, સ્ટાફ સેક્રેટરી શ્રી પી.જે.મહેતા ,એન.સી.સી ઓફિસર શ્રી આર.ટી.બરંડા, વ્યાયામ શિક્ષક શ્રી કે.સી.વાઘેલા તથા તમામ સ્ટાફ મિત્રો , વહીવટી વિભાગના કર્મચારી, પ્રાથમિક વિભાગમાંથી શ્રી એસ.એસ.સોલંકી તથા સ્ટાફ મિત્રોની હાજરીમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં વ્યાયામ શિક્ષક દ્વારા વિવિધ આસનો, યોગ-પ્રાણાયામ વગેરે કરાવવામાં આવ્યા હતા.

મુડેટી એસ.આર.પી. ગ્રુપ-૬ ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી

નેત્રામલી, તા. ૨૧

વિશ્વ યોગ દિવસની ઉજવણી નિમિતે ઈડર તાલુકાના મુડેટી ગામે આવેલ રાજ્ય અનામત પોલીસ દળ જુથ ૬ કેમ્પ ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી અંતર્ગત કેમ્પના મદદનીશ સેનાપતિ અનિલ ચૌધરી તથા નાયબ પોલીસ અધિક્ષક ભરત રાઠોડ હાજર રહી યોગ અભ્યાસ કરેલ આ યોગ અભ્યાસમાં એસ.આર.પી. કેમ્પના અધિકારીઓ જવાનો તેમજ પરિવારના સભ્યોએ પણ ભાગ લીધો હતો.

મલાસા ગામમાં રસીકરણ મહા અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૨૧

ભિલોડા તાલુકાના મલાસા ગામમાં ૨૧મી જુન આંતરરાષ્ટ્રીય યોગ દિને કોવિડ રસીકરણ મહા અભિયાન અંતર્ગત વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહ ચૌહાણના અધ્યક્ષ સ્થાને રસીકરણ મહા અભિયાન કાર્યક્રમ યોજાયો હતો.જીલ્લા ક્ષય અધિકારી ડૉ.આશિષ નાયક,તાલુકા આરોગ્ય અધિકારી ડૉએજેવેણવ,મેડીકલ ઓફીસર, મુનાઈ ડૉ. અરવિંદકુમાર ચૌધરી, મલાસા પ્રાથમિક શાળાના આચાર્ય શિક્ષકો, ગ્રામજનો, લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.આરોગ્ય ટીમ ફિમેલ સુપરવાઈઝર,ફિમેલ હેલ્થ વર્કર,મેઈલ હેલ્થ વર્કર,સી.એચ.ઓ.,આશા વર્કરો ધ્વારા સ્થળ ઉપર એન્ટ્રી કરીને રસીકરણની કામગીરી કરાઈ હતી.રસીકરણ મહાઅભિયાન કાર્યક્રમનું સફળ સંચાલન સંજયભાઈ બારોટ,આરોગ્ય નિરીક્ષકએ કર્યુ હતું.

ભિલોડા તાલુકામાં વિશ્વ યોગ દિનની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૨૧

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં વિશ્વ યોગ દિનની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો.તા.૨૧મી જુન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનો કાર્યક્રમ ધામધુમ પુર્વક યોજાયો હતો.પ્રાથમીક શાળાઓ અને માધ્યમિક શાળાઓમાં અધિકારીઓ,પદાધિકારીઓ,સામાજીક કાર્યકરો,જાગૃત પ્રજાજનોએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી નિમિત્તે યોગ કરી યોગ દિનની ઉજવણી કરી હતી.ભિલોડા તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ કાંતીલાલ પટેલ,ભારત વિકાસ પરીષદ શાખા ધ્વારા ભિલોડા તાલુકા પ્રાથમીક શાળા નંબર.૧ ના પરીસરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિન નિમિત્તે યોગ શિબિર યોજાઈ હતી.ભારત વિકાસ પરીષદ,ભિલોડા શાખા પ્રમુખ રામઅવતાર શર્મા,ઉપ પ્રમુખ,મંત્રી, હોદ્દેદારો,કારોબારી સભ્યો ધ્વારા કોટેઝ હોસ્પિટલમાં કોરોના વોરીયર્સ માટે દુધ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

આતંકી હુમલાની દહેશત : ઉત્તર ગુજરાતમાં ગુપ્તચર વિભાગનો રિપોર્ટ, શંકાસ્પદ વ્યક્તિઓથી સાવધ રહેવા સૂચના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

દેશમાં આતંકવાદી સંગઠનો હુમલાને અંજામ આપવાની ફીરાકમાં હોવાના ગુપ્તચર વિભાગના અહેવાલ બાદ ગૃહ વિભાગે ઉત્તર ગુજરાતમાં જારી કરેલી સૂચનાઓનો અમલ કરવા તાકીદ કરવામાં આવતાં તકેદારીના ભાગરૂપે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશેષ જાહેરનામા બહાર પાડ્યાં છે જેમાં ભાંગફોડની પ્રવૃત્તિથી સાવચેત રહેવા પોલીસ વિભાગને ખાસ તાકીદ કરવામાં આવી છે. ગુપ્તચર વિભાગના રિપોર્ટ પછી શંકાસ્પદ વ્યક્તિઓથી સાવધાન રહેવાની સાથે પૂરતી જાણકારી વગર મકાન ભાડે આપવું કે વાહન વેચાણ આપવામાં પૂરતી તકેદારી રાખવા માટે સૂચના આપવામાં આવી છે.

દેશની શાંતિને તહસ નહસ કરી નાખવા માટે આતંકવાદી સંગઠનો હંમેશાં ફીરાકમાં રહેતા હોય છે તેમાંય સરહદે અરાજક્તાનો માહોલ હોય ત્યારે આતંકી પ્રવૃત્તિઓ વધી જતી હોય છે જેથી સરહદી વિસ્તારોમાં વહીવટી તંત્ર દ્વારા સતર્કતાને ધ્યાનમાં રાખી ખાસ સૂચના આપવામાં આવતી હોય છે. હાલમાં સરહદે તંગદીલીનો માહોલ ઉભો થયો છે જેથી આતંકી હુમલાની આશંકાને ધ્યાનમાં લેતાં ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં ખાસ તકેદારી રાખવા માટે જણાવવામાં આવ્યું છે. ગુપ્તચર વિભાગના રિપોર્ટ પછી શંકાસ્પદ વ્યક્તિઓ ઉપર પોલીસની નજર ટેકવાઈ છે. જેમાં બહારના અજાણ્યા માણસોને મકાન ભાડે આપતા પૂર્વે પોલીસને જાણ કરવી. ભાડુઆતની ઓળખાણ આપનારના પુરાવા સહિતની માહિતી પોલીસને સોંપવા જણાવવામાં આવ્યું છે. વધુમાં જૂના વાહનો વેચાણ કરતા પહેલાં ખરીદનારની વિગતો ચકાસવાની રહેશે અને બહારના તત્વોની શંકાસ્પદ હરકતોને જોઈ તાત્કાલિક પોલીસને જાણ કરવા માટે સૂચન કરવામાં આવ્યું છે. મહેસાણા સહિતના જિલ્લાઓમાં તો ગુપ્તચર વિભાગના રિપોર્ટ પછી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરી આ હુકમનો ભંગ કરનાર સામે કાયદાકીય પગલાં ભરવાની ચીમકી ઉચ્ચારાઈ છે.

જન્મદિને વધામણી

મિતવા હેમંતકુમાર શર્મા
હઠીપુરા, તા.બાયડ

માન્યા હરેશકુમાર પટેલ
રૂપપુરા, તા. પ્રાંતિજ

માલેશ ભાસ્કર પટેલ
બાયડ

અનિલ ડી. રાઠોડ
(અનિલ બેંગલ્સ-બાયડ)
બાયડ, જિ.અરવલ્લી

ભરતભાઈ રાવલ
(આચાર્ય : સરતાનપુરા પ્રા.શાળા)
હડીયોલ, તા.હિંમતનગર

ડૉ.નિસર્ગ અનિલભાઈ શાહ
(વિવેકાનંદ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી

મહેશભાઈ આર. પ્રજાપતિ
આકરૂન્દ, તા.ધનસુરા

શયન પટેલ
બાયડ, જિ.અરવલ્લી

સીનીયર એડવોકેટ
ભીખાભાઈ એન. પટેલ
રહીયોલ, તા.ધનસુરા

કેયૂર એસ. પટેલ
(લાભ મેડીકલ-ધનસુરા)
ગાબટ, તા.બાયડ

પશુ કિસાન ક્રેડીટ કાર્ડ યોજના

ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લામાં લાભાર્થીઓના અભાવે યોજનાને નબળો પ્રતિસાદ સાંપડ્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૧

ઉત્તર ગુજરાતના પશુપાલકોની આવકમાં વધારો થાય તે માટે સરકાર દ્વારા પશુ કિસાન ક્રેડીટ કાર્ડ યોજના અમલમાં મૂકવામાં આવી છે પરંતુ ૫ જિલ્લા પૈકી કેટલાક તાલુકાઓમાં યોજનાને નબળો પ્રતિસાદ મળ્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં જમીન વિહોણા હોય અને પશુપાલન વ્યવસાયથી જીવન નિર્વાહ કરતા હોય તેવા પશુપાલકો ગાય-ભેંસની ખરીદી કરી શકે તે માટે આ યોજના અમલમાં છે પરંતુ સરકારે નક્કી કરેલા માપદંડો પ્રમાણે જિલ્લામાં લાભાર્થીઓનો અભાવ રહ્યો છે. ટૂંકમાં આ યોજના અંતર્ગત પશુ ખરીદી માટે રૂા.૧.૬૦ લાખ સુધીની લોન ગેરંટી વગર આપવાની જોગવાઈ છતાં પૂરતો લાભ જરૂરીયાતમંદોને મળી શક્યો નથી. કેટલાક કિસ્સાઓમાં તો સરકારની જાહેરાત પછી બેન્કના વાંકે પશુપાલકો લોનથી વંચિત રહ્યાની વિગતો બહાર આવી છે.

જમીન વિહોણા પશુપાલકોને લોનની જાહેરાત તો થઈ પણ..

જાણવા મળ્યા મુજબ કિસાન ક્રેડીટકાર્ડથી અસંખ્ય ખેડૂતોને લાભ થયો છે. તે જ રીતે પશુપાલકો માટે પણ સરકારે યોજના બહાર પાડી હતી જેમાં ગાય અને ભેંસની ખરીદી માટે બેન્કમાંથી લોન કે સહાય મેળવી શકાય છે. જેમાં ખેડૂત હોય કે ન હોય પરંતુ જો તમે પશુપાલન કરતા હોવ અને બેન્ક એકાઉન્ટ હોય તો પણ તમને પશુ કિસાન ક્રેડીટ કાર્ડ મળવાથી પશુઓ ખરીદવા માટે સુલભતા થાય છે. સરકારે આ યોજના દ્વારા પશુપાલનને વેગ મળશે અને દૂધ ઉત્પાદનમાં વધારો થાય તેવા આશયે શરૂ કરી હતી પરંતુ ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં યોજનામાં સમાવિષ્ટ નક્કી કરવામાં આવેલા માપદંડો મૂજબ લાભાર્થીઓ જ ન હોવાના કારણે આખીય યોજના મૃતપાય બનવા તરફ જઈ રહી છે. પશુ કિસાન ક્રેડીટ કાર્ડ હેઠળ પશુપાલક કે લોન લેનાર વ્યક્તિને ૧.૬૦ લાખ રૂા. સુધીની લોન ગેરંટર વગર આપવાની જોગવાઈ છે જેમાં ૭ ટકાના વ્યાજદરે લોન મળી શકે છે જેમાં ૩ ટકા કેન્દ્ર સરકારે સબસીડી આપવાની પણ જાહેરાત કરી હોવા છતાં પશુપાલનમાં અગ્રેસર જિલ્લાઓમાં મોટાભાગના ખેડૂતો-પશુપાલકોએ કે.સી.સી. સહિતની લોન અને સહાય મેળવી લીધી હોવાથી કિસાન ક્રેડીટ કાર્ડ યોજનાનો લાભ લઈ શક્યા નથી.